# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-12-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાજનાથસિંહ-વડોદરા:

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આગામી દોઢ વર્ષમાં ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. સરદાર@150 રાષ્ટ્રીય એકતા પદયાત્રા અંતર્ગત વડોદરાના સાધલી ખાતે યોજાયેલા સરદાર ગાથા કાર્યક્રમમાં સંબોધન કરતા શ્રી સિંઘે જણાવ્યું, સરદાર પટેલે ભારતને આઝાદ કરાવવામાં અને તેની એકતા-અખંડિતતા સુરક્ષિત રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

સરદાર પટેલના 'રાષ્ટ્રપ્રથમ'ના મુખ્ય મૂલ્ય પર પ્રકાશ પાડતા શ્રી સિંઘે કહ્યું, તેમના નેતૃત્વ હેઠળ જ 'પૂર્ણ સ્વરાજ' ની વિભાવના સૌપ્રથમ વ્યાખ્યાયિત કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું બ્રિટિશ સરકાર દ્વારા કર વધારવાના વિરોધમાં સરદાર પટેલના આંદોલન બાદ જ બારડોલીની મહિલાઓએ તેમને 'સરદાર'નું બિરુદ આપ્યું હતું.

સરદાર પટેલેની 150મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં યોજાયેલા આ કાર્યક્રમાં પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

---

## દિવ્યાંગોના હિતમાં નિર્ણય:

60 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને પણ હવે સંત સુરદાસ યોજનાનો લાભ મળશે. અગાઉ 80 ટકા દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ જ યોજનાનો લાભ લઈ શકતા હતા. દિવ્યાંગોના હિતમાં રાજ્ય સરકારે લીધેલા મહત્વના નિર્ણય અનુસાર ઇલેક્ટ્રિક ટુ-વ્હીલર ખરીદવાની યોજનામાં દિવ્યાંગ વ્યક્તિનું બીપીએલ કાર્ડ હોવું જરૂરી હતું તે જોગવાઈને દૂર કરીને હવેથી કોઈપણ દિવ્યાંગ વ્યક્તિ ટુ-વ્હીલર મેળવી શકે છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં 4 લાખથી વધુ દિવ્યાંગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ 820 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઈ છે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા પારિતોષિક જાહેર:

ગુજરાત સાહિત્ય અકાદમી અંતર્ગત કાર્યરત કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2023 માટે કચ્છી ભાષામાં પ્રકાશિત થયેલા શ્રેષ્ઠ પુસ્તકોના પારિતોષિકો જાહેર કરવામાં આવ્યા છે. કચ્છી સાહિત્ય અકાદમી દર વર્ષે વિવિધ વિભાગ શ્રેણીમાંથી શ્રેષ્ઠ કૃતિઓ પસંદ કરી સાહિત્યકારોને પ્રોત્સાહિત કરે છે, જેમાં પ્રૌઢ વિભાગ- ટૂંકી વાર્તા ક્ષેત્રે હસમુખ અબોટીનું `ગાજુસ' (પ્રથમ), નેણશી ભાનુશાળી લિખિત `રતે તરાજી પારતા..' (દ્વિતીય), છાયા શાહનાં `સુખડી' પુસ્તકને (તૃતીય), કવિતા વિભાગમાં પબુ ગઢવીનું `સિજ્યા કણ કુનીમેં' (પ્રથમ), જયેશ ભાનુશાલીનું `સાઈયું' (દ્વિતીય), ડો. કાશ્મીરા પરેશ મહેતાનું `રૂભરૂ' (તૃતીય), જીવનચરિત્ર શ્રેણીમાં ડો. પૂર્વી ગોસ્વામીના `મિઠે મુલકજ્યું બાઈયું'ને પ્રથમ પુરસ્કાર, અનુવાદ શ્રેણીમાં ડો. કાંતિ ગોરનાં `ત્રિપથગા'ને પ્રથમ અને કૃપા નાકરના `ટપાલ' પુસ્તકને દ્વિતીય પુરસ્કાર જાહેર કરાયો હતો.

---------------------------------------------------------------------------------------------------

## SIR ઝુંબેશ 11 ડિસેમ્બર સુધી ચાલશે :

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – SIR ઝૂંબેશ હેઠળ ગણતરીનો તબક્કો આગામી 11 ડિસેમ્બર સુધી ચાલશે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાની આગેવાનીમાં મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીની સમગ્ર ટીમ તમામ જિલ્લાના ચૂંટણી અધિકારી અને કર્મચારીઓ સાથે સંકલનમાં રહી સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે.

---

## રેલવેની આવકમાં વૃધ્ધિ ગાંધીધામ એરિયાની  આવકનો ફાળો:

રેલવેના અમદાવાદ ડિવિઝને એક મહિનામાં ગત વર્ષની તુલનાએ નોંધપાત્ર વૃદ્ધિ સાથે વિવિધ ક્ષેત્રે આવકમાં રેકોર્ડ કરીને 806.68 કરોડની આવક મેળવી છે, જેમાં ગાંધીધામ એરિયાનો મહત્તમ ફાળો રહ્યો છે. આ ઉપરાંત  બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટના પ્રયાસોથી કચ્છમાંથી રેલવેની આવકમાં વૃદ્ધિ થઈ છે. મળતી વિગતો મુજબ નવેમ્બર મહિનામાં અમદાવાદ ડિવિઝને 15.88 ટકાની વૃદ્ધિ સાથે 800 કરોડથી વધુની આવક પ્રાપ્ત કરી છે. જેમાંથી માલ પરિવહનની જ આવક 628.68 કરોડ છે, જે ગાંધીધામ એરિયાને કારણે થઈ છે. જે આવકની દૃષ્ટિએ ચાલુ નાણાંકીય વર્ષમાં શ્રેષ્ઠ પ્રદર્શન છે.

---

## ક્રિકેટ:

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પ્રવર્તમાન એક દિવસીય મેચોની શ્રેણીની બીજી મેચ આજે રાયપુર  ખાતે રમાશે. ત્રણ વન ડે મેચની શ્રેણીની રાંચી ખાતેની પ્રથમ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 17 રનથી હરાવી શ્રેણીમાં એક શૂન્યની સરસાઇ મેળવી છે. તેથી આજની મેચ ભારત માટે મહત્વની મનાય છે.

---

હવામાન:

જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી છવાયેલો ધૂંધળો માહોલ વિખેરાતાં  ઠંડીની ચમકમાં વધારો જોવા મળ્યો છે. નલિયામાં ચાર ડિગ્રીના ઘટાડા સાથે લઘુતમ ઉષ્ણતામાન 10 ડિગ્રીએ પહોંચતાં રાજ્યમાં સવાર્ધિક ઠંડી અનુભવાઈ હતી. જો કે, મહત્તમ પારો સામાન્યથી વધુ રહેતાં વાતાવરણમાં વિષમતા જળવાયેલી રહી હતી. બીજી બાજુ જિલ્લા મથક ભુજમાં લઘુતમ ઉષ્ણતામાન 16 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું. જયારે 31 ડિગ્રી મહત્તમ ઉષ્ણતામાન નોંધાયુ હતું. અંજાર-ગાંધીધામમાં 16.1 અને કંડલા પોર્ટમાં 17.૫ ડિગ્રી લઘુત્તમ ઉષ્ણતામાન નોંધાયું હતું.

---